ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



ધનંજય આર. જોષી
પત્રકાર,
ગાંધીનગર સમાચાર
મો. ૯૮૨૪૩ ૪૩૦૩૮
(૨,સપ્ટેમ્બર)



દિવ્યાબેન રાવલ
પ્રમુખ, સામાજિક સ્વાસ્થ્ય સંઘ, ગુજરાત રાજ્ય
(૨-૯-૧૯૩૬)



અસ્મિતાબા વી જાડેજા
ઉપપ્રમુખ, શ્રી ગાંધીનગર રાજપૂત મહિલા મંડળ, ગાંધીનગર (૨-૯-૧૯૭૦)



પ્રવિણાબેન ભરતભાઈ મોદી
કાર્યકર, સખી મંડળ, પેથાપુર (૨-૯-૧૯૬૨)

**આવો પર્યાવરણની જાળવણી કરીએ આજના દિવસે એક વૃક્ષ વાવીએ**

# વૉટ્સઍપ ચાલુ થઈ જવાની ખુશીમાં વિદ્યાર્થીઓએ પરસ્પર ચૉકલેટ્સ વહેંચી

## વૉટ્સઍપ ગઈકાલે શાળા સમય બાદ ચાલુ થયું હોવાથી વિદ્યાર્થીઓએ ખુશાલી આજે મનાવી

ગાંધીનગર, તા. ૧

વૉટ્સઍપ એ આજના યુવા વર્ગ કે કિશોર વર્ગ સાથે કેટલી હદે જોડાઈ ગયું છે એનો અનુભવ લોકોને આ ઍપ્લીકેશન બંધ હતી તે દરમ્યાન જ થઈ ગયો હતો પરંતુ ગઈકાલે વૉટ્સઍપ ચાલુ થઈ જતાં પુનઃ એ બાબતનો અનુભવ સૌને થયો હતો.

યુવા વર્ગે તો વૉટ્સઍપ ચાલુ થયાની ખુશી વૉટ્સઍપ અને મૅસેજના માધ્યમથી મનાવી લીધી હતી અને પરસ્પર અભિનંદનના મૅસેજ મોકલ્યા હતા પરંતુ આજે શહેરની ઘણી સ્કૂલ્સમાં - ખાસ કરીને હાઈસ્કૂલ્સમાં વિદ્યાર્થીઓએ પરસ્પર ચૉકલેટ્સ વહેંચીને વૉટ્સઍપ ચાલુ થયાની ખુશી વ્યક્ત કરી હતી.

નિયમ મુજબ સ્કૂલ્સમાં મોબાઈલ ફોનના ઉપયોગ ઉપર પ્રતિબંધ છે, પરંતુ એ પણ હકીકત છે કે વાલીઓના વાંકે સ્કૂલ્સ આ નિયમમાં સખ્ત રહી શકતી નથી. 'વાલીને બાળકની ચિંતા હોય' એ દલિલ કરીને મોટાભાગના વાલીઓ પોતાનાં બાળકોને મોબાઈલ ફોન આપી રાખે છે અને પછી એમની જાણ બહાર કે આડકતરી રીતે જાણથી પણ વિદ્યાર્થીઓ શાળામાંય મોબાઈલ ફોન સાથે રાખે છે ને વૉટ્સઍપ જેવી ઍપ્સનો ઉપયોગ પણ કરે છે.

આવા જ કેટલાક હરખપદુડા વિદ્યાર્થીઓએ વૉટ્સઍપ ચાલુ થયાની ખુશીમાં આજે સ્કૂલ્સમાં ચૉકલેટ્સની વહેંચણી કરી હતી ! અનેક વિદ્યાર્થીઓ હસી પડ્યા હતા અને અનેકને એમના હરખ ઉપર આશ્ચર્ય થયું હતું, પણ સરવાળે સૌએ ચૉકલેટ્સ તો સ્વીકારી જ લીધી હતી અને વૉટ્સઍપ યુઝ કરતા હોય કે ન કરતા હોય એ સૌએ ચૉકલેટની મોજ માણી હતી.

# બીવીઍમનું સૌથી સુખદ પરિણામ ૧૦૮ વિદ્યાર્થીઓને જૉબ ઑફર



## ૧૮૭ વિદ્યાર્થીઓએ પ્લેસમૅન્ટ મીટમાં ભાગ લીધો અને લાંબી ઈન્ટર્વ્યૂ પ્રક્રિયા બાદ ૧૦૮ વિદ્યાર્થીઓને જૉબ ઑફર થઈ

ગાંધીનગર, તા. ૧

ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ તથા નિયોક્તા ફર્મ છેલ્લાં ૯ વર્ષથી બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયની મુલાકાતે કૅમ્પસ પ્લેસમૅન્ટ માટે આવે છે, જે ગુજરાતની પ્રથમ ઈજનેરી કૉલેજ અને રાજ્યની પ્રથમ સ્વાયત્ત કૉલેજ અને યુજી, પીજી સ્તર માટે ઈજનેરી શાખાના વિદ્યાર્થીઓની પહેલી પસંદ છે. જીટીયુની પરીક્ષાઓમાં તે અગ્રણી પાંચ કૉલેજોમાં સ્થાન ધરાવે છે અને તેથી જ તે એક એવી સંસ્થા છે જેને પ્લેસમૅન્ટ માટે કંપનીઓ પ્રાથમિકતા આપે છે.

૨૦૧૬ની પ્લેસમૅન્ટ સીઝન અન્વયે ટીસીઍન એ પ્રથમ કંપની છે જેણે ઑગષ્ટ માસ દરમ્યાન ભરતી માટે સંસ્થાની મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓએ ઉત્સાહથી આ પ્લેસમૅન્ટ મીટમાં ભાગ લીધો હતો. કુલ ૧૮૭ જેટલા વિદ્યાર્થીઓએ આ મીટમાં ભાગ લીધો. પ્રથમ તબક્કામાં ઑનલાઈન યોગ્યતા કસોટી ટીસીઍસના ઑનલાઈન પૉર્ટલ 'ટચ સ્ટોન' પર થઈ, જેમાં ૧૨૧ વિદ્યાર્થીઓ પાસ થયા. આ વિદ્યાર્થીઓ ત્રણ તબક્કાના ટૅકનીકલ, મૅનેજોરીયલ અને ઍચઆર ઈન્ટર્વ્યૂની પ્રક્રિયામાંથી પસાર થયા. તેમનાં કૌશલ્યો અને ક્ષમતા ટીસીઍન ફ્લૅગશીપ કોડીંગ કૉન્ટેસ્ટ - 'કોડ વિટા' દ્વારા ચકાસવામાં આવ્યાં. એ પછી ટીસીઍસ દ્વારા જાહેર કરવામાં આવેલું પરિણામ એ બીવીઍમના ઈતિહાસમાં સૌથી સુખદ પરિણામ હતું. કુલ ૧૦૮ વિદ્યાર્થીઓને જૉબ ઑફર થઈ હતી. એક જ કંપની દ્વારા એક જ કૉલેજમાં એક જ તબક્કે આટલી મોટી સંખ્યામાં જૉબ ઑફર થઈ હોય એવી આ પહેલી ઘટના હતી. આ સિદ્ધિમાં ચૅરમૅન ડૉ. સી ઍલ પટેલ અને ટીમ બીવીઍમની સતત પ્રેરણા, પ્રિન્સિપાલ ડૉ. ઍફ ઍસ ઉમરીગરનું પ્રમાણરૂપ સમર્થન અને સમગ્ર શૈક્ષણિક સ્ટાફ, પ્લેસમૅન્ટ ઈન-ચાર્જ પ્રૉ. પી બી સ્વદાસ, પ્લેસમૅન્ટ ઑફિસર પ્રો. મેહુલ પટેલ અને પ્રૉ. બી ઍમ લાડ તેમજ પ્લેસમૅન્ટ કો-ઑર્ડિનેટર ટીમ કારણભૂત બની છે.

## જન્માષ્ટમી પર્વની ઉજવણી નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧

જન્માષ્ટમી પર્વની ઉજવણી નિમિત્તે પૂજન ડાન્સ ઍકેડેમી, લાયોનેસ ક્લબ ઑફ ગાંધીનગર તથા ગાયત્રી પરિવારના સંયુક્ત ઉપક્રમે એક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આગામી તા. ૫ સપ્ટેમ્બરના રોજ ગાયત્રી મંદિર ખાતે આયોજિત આ કાર્યક્રમમાં રાધા-કૃષ્ણની રાસલીલા, નૃત્યનાટિકા, મટકી ફોડ, ગરબા જેવી કૃતિઓ પ્રસ્તુત કરવામાં આવશે. આ ઉપરાંત ૩થી ૧૫ વર્ષનાં બાળકો માટે ફૅન્સી ડ્રેસ કૉમ્પિટીશનનું આયોજન કરવામાં આવ્યું છે. રસ ધરાવનારાં બાળકોને પ્રજ્ઞા ગજ્જર - ૯૯૦૪૨ ૫૧૬૫૧, વૈશાલી જોષી- ૯૯૨૫૨ ૩૪૯૮૫, જશુબેન ઠક્કર-૭૬૨૧૦ ૨૫૧૪૨ અથવા ગાયત્રી મંદિરનો સંપર્ક કરવા પુજન ડાન્સીંગ ક્લાસની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## 'સ્પૅલ બી' સ્પર્ધા મુલતવી રખાઈ

ગાંધીનગર, તા. ૧

અંગ્રેજી વિષયમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓ માટે પ્રતિવર્ષ લેવાતી 'સ્પૅલ બી' સ્પર્ધા અગાઉ આજે યોજવાની જાહેરાત થઈ હતી અને એ મુજબ સ્પર્ધા આજે યોજાવાની પણ હતી, પરંતુ રાજ્યમાં તાજેતરમાં ઘટેલી ઘટનાઓને ધ્યાને લેતાં આ સ્પર્ધા મુલતવી રાખવામાં આવી હોવાના સમાચાર પ્રાપ્ત થયા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍસ જી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ ખાતે આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું અને અગાઉનાં વર્ષોમાં સ્કૂલના વિશાળ ગ્રાઉન્ડમાં આ સ્પર્ધા યોજાતી હતી. સ્પર્ધક વિદ્યાર્થીઓની સવલત ખાતર આ વખતે આ સ્પર્ધા ખીમજી વિસરામ હૉલમાં યોજવાનું પણ નિયત કરવામાં આવ્યું હતું ને એ માટે સઘળી તૈયારીઓ પણ કરી લેવામાં આવી હતી. પરંતુ રાજ્યમાં તાજેતરમાં ઘટેલી ઘટનાઓને કારણે શાળાકીય અભ્યાસના ચારેક દિવસ વ્યર્થ ગયા હતા અને વિદ્યાર્થીઓને છેલ્લી તૈયારીઓનો સમય પણ મળી શક્યો ન હતો. આ કારણે સ્પૅલ બી સ્પર્ધા મુલતવી રાખવામાં આવી હતી. હવે પછી આ સ્પર્ધા ક્યારે યોજાશે એ બાબતે સંસ્થા દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી નથી, પરંતુ સ્પર્ધા મુલતવી થવાની જાણ સ્પર્ધકોને કરી દેવામાં આવી છે.

# ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા મુખ્યમંત્રીની શુભેચ્છા મુલાકાત



ગાંધીનગર, તા. ૧

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા તથા મહામંત્રી સતિષભાઈ પટેલની રાહબરી હેઠળ ગુજરાત રાજ્યનાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલની શુભેચ્છા મુલાકાત આજે લેવામાં આવી હતી.

આ પ્રસંગે સંઘના સિનિયર કાર્યાધ્યક્ષ ગોકુળભાઈ પટેલ, કોષાધ્યક્ષ ભાભલુભાઈ વરૂ, સિનિયર ઉપપ્રમુખ અરવિંદભાઈ ચાવડા, સિનિયર મંત્રી રમેશભાઈ મછાર, અમદાવાદ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ નરેન્દ્રભાઈ ગોહેલ, વડોદરા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ રણજિતસિંહ પરમાર, મહેસાણા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ ઈન્દ્રવદનભાઈ પટેલ, આણંદ જિલ્લાના ઈલાબેન મૅકવાન તથા વડોદરા જિલ્લાના શિલ્પાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

સૅક્ટર-૬ ડીમાં બિરાજમાન

# ભુવનેશ્વર મહાદેવ મંદિર ખાતે ૧૭થી ૨૭ દરમિયાન ગણેશોત્સવ



ગાંધીનગર, તા. ૧

શ્રી સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ, સૅક્ટર-૬ ડી દ્વારા આગામી તા. ૧૭થી ૨૭ સપ્ટેમ્બર દરમ્યાન ગણેશોત્સવની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે.

શ્રી ભુવનેશ્વર મહાદેવ યુવક મંડળ તથા સૌરાષ્ટ્ર-કચ્છ યુવક મંડળ આયોજિત આ ગણેશોત્સવ ભુવનેશ્વર મહાદેવ મંદિર, સૅક્ટર-૬ ડી ખાતે યોજાશે.

ગણેશોત્સવ અંતર્ગત તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ સવારે ૯ કલાકે જયેશભાઈ બાબુભાઈ પ્રજાપતિના નિવાસસ્થાન, પ્લોટ નં. ૧૦૯૭/૧, સૅક્ટર-૬ સી, ગાંધીનગર ખાતેથી નીકળી ભુવનેશ્વર મહાદેવ મંદિર ખાતે પહોંચશે.

ગણેશોત્સવના દિવસો દરમ્યાન નિત્ય રાત્રે ૮.૩૦ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં પ્રથમ રાત્રે ભજન સમ્રાટ પરેશ વાડિયા, સાહિત્ય-હાસ્ય કલાકાર ભોળાભાઈ આહિર તથા સાથી કલાકારો દ્વારા રંગ કસુંબલ ડાયરો પ્રસ્તુત થશે.

તા. ૧૮ના રોજ સાંઈરામ દવે હાસ્ય ડાયરો પ્રસ્તુત કરશે. તા. ૧૯ના રોજ ખ્યાત ટીવી કલાકારો 'સંગાથે સુખ શોધીએ' નાટક પ્રસ્તુત કરશે. તા. ૨૦ના રોજ જીતુભાઈ દ્વારકાવાળા તથા ભજનીક જોડી ગોવિંદ-ગોપાલ સંગે ડાયરો, તા. ૨૧ના રોજ નિલ-નિલેષ, રવિ-સુનિલ દ્વારા જાદુનો જલસો, તા. ૨૨ના રોજ ગાંધીનગરની સ્કૂલ્સ તથા ડાન્સ ક્લાસીસ દ્વારા નૃત્ય સ્પર્ધા, તા. ૨૩ના રોજ અશ્વિનભાઈ જોશી દ્વારા લોક ડાયરો, તા. ૨૪ના રોજ રાજભા ગઢવી અને સુખદેવ ધામેલીયા દ્વારા લોક ડાયરો, તા. ૨૫ના રોજ બાળકો માટે રમતોત્સવ તથા ડીજે ડાન્સ, તા. ૨૬ના રોજ પંચમ ગૃપ પાટણ-કલાકાર : દર્શના વ્યાસ, પ્રવિણસિંહ, વિપુલ પંચીવાલા દ્વારા રાસ-ગરબાનો કાર્યક્રમ યોજવામાં આવશે.

તા. ૨૭ના રોજ વિસર્જન કાર્યક્રમ યોજાશે, જે પ્રસંગે ૧૦૦૮ લાડુની આહુતિ દ્વારા હોમાત્મક યજ્ઞનું આયોજન મંદિર પરિસર ખાતે કરવામાં આવ્યું છે.

# સર્વ ઘેર આનંદ ભયો, જય ઈન્ટરનેટલાલ કી

ચાતક પક્ષી જેમ વરસાદની રાહ જુએ એમ મોબાઈલ ઈન્ટરનેટ ચાલુ થવાની રાહ જોઈ રહેલા યુવા વર્ગ કે આજની ભાષામાં વૉટ્સઍપીયા લોકોમાં સર્વત્ર આનંદની લાગણી છવાઈ ગઈ છે કારણ કે ગઈકાલથી જ મોબાઈલ ઈન્ટરનેટ અને વૉટ્સઍપ જેવી સઘળી ચૅટીંગ ઍપ્સ પણ સંપૂર્ણપણે કાર્યરત થઈ ગઈ છે.

સોમવાર બપોરથી જ મોબાઈલ ઈન્ટરનેટ કાર્યરત થઈ ગયું હતું, જેની જાણ મોટાભાગના લોકોને સાંજ સુધી થઈ ન હતી. અલબત્ત, સાંજે વાવાઝોડા કરતાંય ઝડપથી એ સમાચાર ફેલાઈ ગયા હતા કે વૉટ્સઍપ ચાલુ થઈ ગયું છે. એમાંય હાઈક જેવી હોંશિયાર ઍપ્લીકેશને તો પોતાના જ મૅસેજ બપોરથી લોકોને આપવા માંડીને એ વાત જાહેર કરી દીધી હતી કે હવે મોબાઈલ ઈન્ટરનેટ ચાલુ છે, મંડી પડો.

ખબર તો ફેલાઈ ગઈ, પણ શહેર અને સર્વિસ પ્રોવાઈડર પ્રમાણે એમાંય થોડી ગરબડ તો રહી જ હતી જેને કારણે અમુક શહેર કે તમુક વિસ્તારોમાં રાત્રે પણ વૉટ્સઍપ ચાલુ થઈ શક્યું હતું. સોમવાર સાંજથી એ લોકો વૉટ્સઍપ માટે તરસતા હતા અને છેક મંગળવારે સવારે એમનો મેળ પડ્યો હતો. પણ, સરવાળે મંગળવાર સવારથી બધું સામાન્ય થઈ ગયું.

જિંદગીમાંથી ગાયબ થઈ ગયેલો આનંદ અચાનક જ પાછો આવી જાય એવી ઘટના થઈ. મહિનાઓથી તરસ્યા ચાતકને જાણે વરસાદની બૂંદ મળી ! પોતાના સ્નેહીઓને વૉટ્સઍપ દ્વારા મૅસેજ મોકલતાં અનેક લોકો તો રીતસરના ગળગળા થઈ ગયા હતા !



વૉટ્સઍપ નથી તો જાણે જિંદગી નથી, એકબીજાના સંપર્કનું બીજું કોઈ સાધન જ નથી એવી લાગણી લોકો અનુભવવા લાગ્યા હતા.

અને સાથે સાથે લોકોને આ વાતનું પણ ભાન થયું હતું કે પોતાના મોબાઈલ ફોનની બૅટરી ખરેખર સારી છે. અગાઉ દોઢ કલાકમાં ઉતરી જતી બૅટરી માટે પાવર બૅન્ક સાથે રાખતા લોકો છેલ્લા પાંચ દિવસમાં પાવર બૅન્કનો ઉપયોગ કરવાનું જ ભૂલી ગયા હતા. પોતાના ફોનની બૅટરી સારી નથી અને બહુ લાંબી ચાલતી નથી એવો ભ્રમ લોકોનો ભ્રમ મોબાઈલ ઈન્ટરનેટ બંધ થતાં ભાંગી ગયો હતો.

મોબાઈલ ઈન્ટરનેટ બંધ હતું તે દરમ્યાન અનેક માતાપિતા છાના ખૂણે ખુશી વ્યક્ત કરતા હતા કારણ કે એમનાં સંતાનો હવે મોબાઈલ ફોન સિવાય પણ દુનિયામાં કંઈક છે એવું જોતાં શીખ્યા હતા. અલબત્ત, એમની ખુશી બહુ લાંબી ચાલી નહીં અને આખરે સંતાનોની ખુશીના દિવસો પાછા આવી ગયા છે.

જોકે, યુવા વર્ગે પણ બહુ ખેલદિલીથી એ વાત સ્વીકારી છે કે વૉટ્સઍપ વિના ગમતું ન હતું એ વાત સાચી, પરંતુ એના વિના જીવી પણ શકાય છે એવી અમને ખબર ન હતી, આ પાંચ દિવસો દરમ્યાન એ ખબર બહુ સારી રીતે પડી ગઈ છે અને હવે કોઈ વિકટ પરિસ્થિતિમાં વૉટ્સઍપ નહીં મળે તો બહુ મોટી તકલીફ નહીં થાય.

વૉટ્સઍપ ચાલુ થતાં જ જે પહેલી વાત સામે આવી હતી તે એ હતી કે મોબાઈલ ઈન્ટરનેટ ચાલુ ન હોવા છતાં અનેક વૉટ્સઍપીયા લોકોએ સંદેશા મોકલવાનું બંધ નહોતું કર્યું ! પોતાના નિત્યક્રમ મુજબ તેમણે દરેક દિવસે ગૂડ મૉર્નિંગ, ગૂડ ડે અને ગૂડ નાઈટના મૅસેજ મોકલ્યા જ છે. એટલે જેવું સોમવારે મોબાઈલ ઈન્ટરનેટ ચાલુ થયું, વૉટ્સઍપ ચાલુ થયું એટલે સૌથી પહેલાં તો આટલા દિવસના પૅન્ડીંગ મૅસેજ મોબાઈલ ફોનમાં ભરાવા લાગ્યા. અનેક લોકોએ તો પહેલી પંદર મિનિટમાં જ મોબાઈલ ફોન હૅન્ગ થઈ ગયાની ફરિયાદો પણ વ્યક્ત કરી ને બીજાને ચેતવી દીધા કે હમણાં મોબાઈલ ઈન્ટરનેટ ચાલુ કરવામાં માલ નથી. ધીરજવાળા હતા એમણે ધીરજ







રાખી પણ ખરી અને પોતાના ફોનને હૅન્ગ થતો બચાવી શક્યા. પણ એમણેય વૉટ્સઍપમાં જૂના મૅસેજ જોઈ વૉટ્સઍપના દિવાનાઓની નોંધ તો લીધી જ.

પહેલાં હાય-હૅલ્લોના મૅસેજ ચાલ્યા, પછી વૉટ્સઍપ ચાલુ થયાના અભિનંદનો અપાયા અને એ પછી પહેલી ચિંતા લોકોએ એ કરી કે વૉટ્સઍપનો કોઈ વિકલ્પ શોધવો પડશે. ફરી ક્યારેક આવા કપરા દિવસો આવે કે વૉટ્સઍપ કામ કરતું બંધ થઈ જાય તો એવા સંજોગોમાં પરસ્પર કનૅક્ટ રહેવા શું કરવું? કયો વિકલ્પ મળી શકે એમ છે ? એ બાબતે ઘણા જુવાનિયાઓએ કામ શરૂ પણ કરી દીધું છે.

એ વિકલ્પ મળે ત્યારે પરંતુ હાલ તો પુનઃ નૉર્મલ થઈ ગયેલા લોકોએ વૉટ્સઍપ નામની ઍબનોર્મલ ઍક્ટિવિટી શરૂ કરી દીધી છે, ફાલતુ મૅસેજ ને વણજોઈતી કૉમેન્ટ્સના એ દિવસો ને વગરકામના ચૅટીંગની એ રાતો પરત આવી ગઈ છે. ધે આર કમ બૅક !

**સાચી વાત**

વૉટ્સઍપમાં જ ફરતો થયેલો મૅસેજ : આટલા દિવસો માટે ઈન્ટરનેટ અને મૅસેજ બંધ રાખ્યા એ બદલ ગુજરાત સરકારનો અમે તમામ નાગરિકો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ કારણ કે...

(૧) અમને એ વાતનો અહેસાસ કરાવ્યો કે સરકાર સર્વોચ્ચ છે અને અમારી દુખતી નસ સરકારના હાથમાં છે.

(૨) આટલા દિવસોમાં અમને એ જાણીને ખૂબ ખુશી થઈ કે અમારા મોબાઈલની બૅટરી પાવરફુલ છે.

(૩) અમને એ પણ જાણવા મળ્યું કે ઈન્ટરનેટ અને મૅસેજ સિવાય પણ કરવા જેવાં ઘણાં કામો છે.

(૪) અમે અમારા ઘરના સભ્યો સાતે મુલાકાત અને વાતો કરી ત્યારે જાણવા મળ્યું કે એ લોકો પણ બહુ સારા છે !

# ગુજરાત નૅશનલ લૉ યુનિવર્સિટી દ્વારા ફર્સ્ટ એઈડ તાલીમ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર ખાતે વર્ષ ૨૦૦૩ સ્થાપિત નૅશનલ લૉ યુનિવર્સિટી દ્વારા ફર્સ્ડ એઈડ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

રાષ્ટ્રીય લાઈફ સેવિંગ સોસાયટીના સહયોગથી લૉ યુનિવર્સિટીના સ્ટાફ અને વિદ્યાર્થીઓ માટે આયોજિત આ ફર્સ્ટ એઈડ તાલીમ કાર્યક્રમ તા. ૨ અને ૩ સપ્ટેમ્બરના રોજ યોજવામાં આવશે.

તાલીમ અંતર્ગત ફર્સ્ટ એઈડ વિશે સામાન્ય માહિતી તથા તેના નિયમોની સમજ આપવામાં આવશે. આ ઉપરાંત પ્રાઈમરી સર્વે, કાર્ડીયો પલ્મોનરી રિસસીટેશન (સીપીઆર), બ્લીડીંગ, ફ્રૅક્ચર, ઈન્જરી, ઈલેક્ટ્રીક શૉક, બર્નીંગ, હાર્ટ ઍટેક, હીટ સ્ટ્રોક, પોઈઝનીંગ, સ્નેકબાઈટ જેવી દુર્ઘટનાઓ પ્રસંગે જ્યારે મૅડીકલ સારવાર તુરત પહોંચી શકે એમ ન હોય ત્યારે ફર્સ્ટ એઈડ અંતર્ગત શું કરવું તે બાબતોની વિશેષ સમજ તાલીમ અંતર્ગત આપવામાં આવશે.

થિયરી, ચર્ચા, પ્રાયોગિક પદ્ધતિ, નિદર્શન અને સવાલ-જવાબોના માધ્યમથી આ તાલીમ આપવામાં આવશે, જેના અંતે પ્રાયોગિક તથા લેખિત પરીક્ષા પણ લેવામાં આવશે.

તાલીમ પૂર્ણ કરનાર તાલીમાર્થીઓને પ્રમાણપત્ર પણ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે એમ આ અંગેની એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## સોલા ભાગવત વિદ્યાપીઠ દ્વારા જન્માષ્ટમી ઉજવાશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરના પાદરે સ્થિત ભાગવત વિદ્યાપીઠ, સોલા દ્વારા પ્રતિવર્ષની માફક આ વર્ષે પણ જન્માષ્ટમી પર્વનું આયોજન કરવામાં આવ્યું છે. વિદ્યાપીઠ દ્વારા આ વખતે પર્વ સંસ્કૃત પ્રદર્શની તરીકે ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે શ્રીમદ્ ભાગવત, ગીતા, વેદો, ઉપનિષદોમાં સંસ્કૃત ભાષા અને સંસ્કૃત ભાષાની ભારતીય સંસ્કૃતિ સાથે વણાયેલી વાતોનાં જ્ઞાનને 'સંસ્કૃત પ્રદર્શની' રૂપે રજૂ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણીનું ઉદ્ઘાટન શ્રી ભાગવત ઋષિ દ્વારા કરવામાં આવશે એવા સમાચાર પ્રાપ્ત થયા છે.